અપીલ અરજી નં.૪૯૭ તા.૧૭–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી અશરફ એ. અન્સારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશરફ એ. અન્સારીની તા. ૦૩– ૧૨–૧૧ની અરજીથી પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેના ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશે પત્ર નં.ટીડીઓ/૨૩૭૪ તા.૨૭–૯–૨૦૦૫ ની પ્રમાણિત નકલ વિગરેની મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૭/૨૦૧૧–૧૨

શ્રી અશરફ એ. અન્સારીની તા.૦૩–૧૨–૧૧ની અરજીથી પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેના ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશે પત્ર નં.ટીડીઓ/૨૩૭૪ તા.૨૭–૯–૨૦૦૫ ની પ્રમાણિત નકલ વિગરેની મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૪૪ તા. ૧૩–૧૨–૧૧થી વિગતવાર પુરી માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૧ તા.૨–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) તથા અરજદારને મુળ અરજીની માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે તથા તેની મુદ્દાવાર માહિતી સામે નારાજગી અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.૧૪૬૫ તા.૧૪–૨–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનેપત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૯૫ તા.૨૨–૧૨–૧૧ થી આપેલ પત્ર નં.સા.ઝોન/ ૧૨૩૯ તા.૨–૧–૧૨થી માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ, દસ્તાવેજી ફી ભર્યા અંગેની વિગતે કરેલ રીપોર્ટની નકલ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ ના પત્રનં.સંડા/યુ–૧૧/ વશી–૨૦૩૧/૨૯૩૫ તા.૧૯–૯–૧૧ ના પત્રની નકલ, અરજદારને પત્ર નં. સા.ઝોન / અકણ (આરટીઆઈ) /૧૧૪૪ તા. ૧૩–૧૨–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ ,આરપીએડી રસીદની નકલ, નકલ ફીના નાણાં ભરેલ રસીદની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૯૫ તા.૨૨–૧૨–૧૧ થી નકલ મોકલ્યાના પત્ર ની નકલ, સોસાયટીના પ્રમુખ તરફથી જાહેર માહિતી અધિકારીને તા.૩૦–૮–૧૧ થી લખેલ પત્રની નકલ, નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૬૭૫ તા.૨૩–૮–૧૧ થી સોસાયટીને લખેલ પત્રની નકલ, પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/ ૯૫૧ તા.૧૩–૧૦–૧૧ થી આરટીઆઈ સેલ ને જાણ કરેલ પત્રની નકલ, સોસાયટીના પ્રમુખ તરફથી તા.૧૦–૮–૧૧ ના પત્રથી આપેલ માહિતીની નકલ, સોસાયટીના પ્રમુખ તરફથી તા.૧૪–૧૧–૧૧ ના પત્રથી આપેલ માહિતીની નકલ, સોસાયટીના પ્રમુખ તરફથી તા.૧૦–૧૨–૧૧ ના પત્રથી આપેલ અરજીની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩–૧૨–૧૧ની બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોનમાં કરવામાં આવેલ છે. જેના અનુસંધાને એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના (ઉધનાઝોન) ના પત્ર નં. સા.ઝોન / અકણ (આરટીઆઈ) / ૧૧૪૪ તા. ૧૩–૧૨–૧૧થી અરજદારને મુદ્દા નં.૨,૩ અને૪ બાબતે માહિતી સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ છે. તથા પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૯૫ તા.૨૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૨ અને ૪ અંગેની નકલો પુરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ રાજય સરકારશ્રીના નોટીફીકેશન થી મંજુર થઈને આવેલ. પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ નિયમો અંગેનો ટેનામેન્ટ ટાઈપ બાંધકામ વિશેનો પત્ર નં.ટીડીઓ/ ૨૩૭૪ તા.૨૭–૯–૦૫ જેના ઉપર ડાયરેકટર ઓફ પ્લાનીંગ મ.ન.પા. સુરતની સહી છે તે પરિપત્રની સર્ટીફાઈડ નકલ આપવી. તેમજ ઉપરોકત પરિપત્ર અનુસાર વિકાસ નિયંત્રણ નિયમો પૈકીના નિયમ ૧૦–૧–૧૦ તેમજ સને ૧૯૮૬ ના મંજુર વિકાસ નિયમો પૈકીના નિયમ ૧૧–૧–૦૫ મા જે આંતરિક એપ્રોચ વિશેનો ઉલ્લેખ છે તે મુજબ સો.ના તમામ એપ્રોચની કાયદાકીય જોગવાઈઓ મુજબ કમ સે કમ કેટલા મીટર પહોળાઈ હોવી જોઈએ તેમજ આ એપ્રોચ રાસુકા વપરાશની જગ્યા વિશેનો ઉલ્લેખ હોય પણ બીલ્ડર તરફથી અમુક પ્લોટ હોલ્ડરને સમભાગે વેચાણ કરી દીધેલ હોય તે રીતે આ પ્લોટ હોલ્ડરોએ અમુક જગ્યાની માલીકીની હોય તે રીતે મેઈન ગેટ બનાવી બાંધકામ આવરી લીધેલ હોય જેથી આ રાસુકા વપરાશની જગ્યા કાયદાકીય જોગવાઈઓ મુજબ આવરી/ પોતાની માલીકીમાં લઈ શકે/ બીલ્ડર વેચાણ કરી શકે? જો આવા બાંધકામ નિયમ મુજબ સંભવ હોય તો કયા નિયમ મુજબ થઈ શકે તે વિશે કોઈ પરિપત્ર હોય તો તેની સર્ટીફાઈડ નકલ સાથે માહિતી આપવી.

મુદ્દા નં.(૨) જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/ આ.નં./ ૬૭૫ તા.૨૩–૮–૧૧ ના રોજ સ.કો.ઓ.હા.સો.લી.ના હોદ્દેદારોને પાઠવવામાં આવેલ પત્ર તેમજ તેના અનુસંધાને સદર સોસાયટીના હોદ્દેદારો તરફથી ૩૦–૮–૧૧ ના રોજ સા.ઝોન ઉધના જાહેર માહિતી અધિકારીશ્રીને પાઠવવવામાં આવેલ પત્રની સર્ટીફાઈડ નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૨ તથા મુદ્દા નં.૪માં જણાવેલ નકલ અંગે પાના નંગ–૪ ની પાનાદીઠ રૂા.૨/– લેખે દસ્તાવેજી ફી રૂા.૮/– (અંકે રૂપિયા આઠ પુરા) ઉધનાઝોનના સીવીક સેન્ટરમાં જમા કરાવ્યા બાદ નકલ આપવામાં આવશે. તેવુ તેમના પત્ર નં.૧૧૪૪ તા.૧૩–૧૨–૧૧થી જણાવેલ તથા જે અંગે પત્ર નં. સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૯૫ તા.૨૨–૧૧–૧૧ પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૬૭૫ તા.૨૩/૮–૧૧ નો પત્ર તેમજ તેના અનુસંધાને સોસાયટીના હોદ્દેદારો તરફથી તા.૩૦–૮–૧૧ ના રોજ સાઉથ ઝોન (ઉધના) ના જાહેર માહિતી અધિકારીને પાઠવવામાં આવેલ પત્રની સર્ટીફાઈડ નકલની ઝેરોક્ષ નકલના પાના નંગ–૩ જે પાના નંગ–૪ ના નાણાં ભરવા પાઠવેલ પત્ર પૈકી પાના નંગ –૩ પુરા પાડેલ છે.

મુદ્દા નં. (૩) આરટીઆઈ સેલ સુરત મુગલીસરા સુરતના પત્ર આરટીઆઈ સેલ/૯૮૪ તા.૨૦–૧૦–૧૧ મા ઉલ્લેખનીય બાબતો અનુસાર (તેના અનુસંધાનમાં) (એ) અમો અરજદાર તરફથી ૨–૮–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના ને આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત આપવામાં આવેલ અરજી સામે માત્ર ૮ માં દિવસે સ.કો.ઓ.હા.સો.લી.ના સભાસદોએ અમો અરજદારની અરજીનો વિરોધ દર્શાવતો પત્ર જા.મા.અ. સા.ઝોન ઉધનાને પાઠવવામાં આવેલ છે તેવુ દર્શાવવામાં આવેલ છે. મે.સાહેબશ્રી અત્યાર સુધીમાં અમો અરજદાર તરફથી મ.ન.પા. સુ./સા. ઝોન ઉધનાને આ.સો. બાબતે જે કંઈ અરજી ઓ આપવામાં આવેલ છે તેના ઉપર મ.ન.પા. તરફથી ધ્યાન આપવામાં આવતુ નથી. તેમજ આરટીઆઈ ને લગતી તમામ મેટરોના સમય મર્યાદા વિતી જવા છતા જવાબો મળતા નથી. અથવા તો જે કઈ મળે છે તે વ્યવસ્થિત માહિતી નથી મળતી તો માત્ર ૮ દિવસમાં જ વિરોધ પ્રદર્શિત કરતો પત્ર તમોને મળી ગયેલ છે તો આપશ્રી તરફથી કઈ તારીખે સોસાયટીને જાણ કરવામાં આવી? અથવા જાણ નથી કરવામાં આવી તો મારા તરફથી મ.ન.પા.ને લખવામાં આવેલ પત્ર કોન્ફીડેન્સીયલ છે તેની સો.ના સભાસદોને જાણ કઈ રીતે થઈ તે વિશેની માહિતી આપશો. તેમજ આ બાબતે તમો તરફથી જો પત્ર વ્યવહાર થયેલ હોય તો તે પત્રની સર્ટીફાઈડ નકલ આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૧૪૪ તા.૧૩–૧૨–૧૧ થી આર.પી.એડીથી પ્રમુખ/ મંત્રી સતગુરુ સોસાયટીનાને પત્ર નં.સા.ઝોન / અકણ(આરટીઆઈ)/૬૭૫ તા.૨૩–૮–૧૧ નાં રોજ પાઠવેલ છે. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૪ જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/ આરટીઆઈ/આ.નં.૯૮૧ તા.૧૩–૧૦–૧૧ થી પુરક વિગતો માટે પાઠવવામાં આવેલ પત્ર તેમજ સદર સો.ના પ્રમુખ મંત્રીએ તા.૩૦–૮–૧૧ ના રોજ કલમ–૧૧ હેઠળ આપેલ પત્ર સંદર્ભે કરેલ ઈન્કાર અંગેના પત્રની સર્ટીફાઈડ નકલો આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૩–૧૨–૧૧ ના પત્રથી જણાવેલ નકલ અંગે પાના નંગ–૪ ની પાનાદીઠ રૂા.૨/– લેખે દસ્તાવેજી ફી રૂા.૮/– (અંકે રૂપિયા આઠ પુરા) ઉધનાઝોનના સીવીક સેન્ટરમાં જમા કરાવ્યા બાદ નકલ આપવામાં આવશે. ત્યારબાદ પત્ર નં.સા.ઝોન /અકણ (આરટીઆઈ)/૯૮૧ તા.૧૩–૧૦–૧૧ થી પૂરક વિગતો માટે પાઠવવામાં આવેલ પત્ર તથા સોસાયટીના પ્રમુખ / મંત્રી એ તા.૩૦–૮–૧૧ ના રોજ કલમ–૧૧ હેઠળ આપેલ પત્ર સંદર્ભે કરેલ ઈન્કાર અંગેના પત્રની નકલ ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ જે પાના નંગ–૪ ના નાણાં ભરવા પાઠવેલ પત્ર પૈકી પાના નંગ –૧ પુરા પાડેલ છે.

મુદ્દા નં.૫ તા.૪–૪–૧૧ ના રોજ સા.કો.ઓ.હા.સો.લી. રજી. નં.૩/૧૪૦૮૨ તા.૮–૪–૯૧ ના હોદ્દેદારો પત્રમુખ/ મંત્રી તરફથી સો.ના લેટર પેડ ઉપર સો. પત્ર ક્રમાંક ૨/૨૦૧૦–૧૧ ધ્વારા મંડળીની ખાસ જનરલ સભા તા.૬–૩–૧૧ ને રવિવારના રોજ યોજવામાં આવી અને તે સભામાં ઠરાવ નં. (૧૦) સર્વાનુમતે પસાર કરવામાં આવેલ તે ઠરાવ નં. (૧૦) સહીત તે ઠરાવ ઉપર સદર સોસાયટીના તમામ સભાસદોની સહીવાળી તમામ નકલ સા.ઝોનના ઝોનલ અધિકારીશ્રીના નામે સા.ઝોન ઉધનાના ના. સુ. કેન્દ્રમાં જમા કરવામાં આવેલ છે તે તમામ નકલોની/પત્રોની સર્ટીફાઈડ નકલ આપવી.

મુદ્દા નં.૬ (એ) અમો અરજદારની આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળની અરજીના જવાબમાં જાહેર માહિતી અધિકારીશ્રી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક નં.સા.ઝોન/ટેક/૩૫૬ તા.૮–૯–૧૧ જેનો આઈ.ડી. નં.૨૬૮ (૬૦૦/૧૫૪૯) છે નમુના ઘ મુદ્દા નં.૦૫–૦૬ (બી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૫૭૦ તા.૯–૧૧–૧૦, ૨૫–૧૦–૧૧ ની અરજી આઈ.ડી.નં.૨૭૮(૬૦૦/૧૦૦૯) નમુનો ઘ. મુદ્દા નં.૦૧–૦૨. (સી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૪૬ તા.૧૯–૪–૧૦, ૧૮–૪–૧૧ ની અરજી આઈ.ડી. નં.૫૩૧ (૬૦૦/૧૨૬૨) નમુનો ઘ મુદ્દા નં.૩.(ડી) જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૩૫૬ તા.૮–૯–૧૧, ૨–૮–૧૧ ની અરજી આઈ.ડી.નં.૨૪ ૮ (૬૦૦/૧૫૪૯ નમુનો ઘ. મુદ્દા નં.૪, ૦૯ (ઈ) જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક/૩૫૭ તા.૮–૯–૨૦૧૧ ની અરજી આઈ.ડી. નં.૨૪૯ (૬૦૦/૧૫૫૦) નમુનો ઘ. મુદ્દા નં.૭, ૮

(એ) થી (ઈ) આ તમામ મુદ્દામાં એવી માહિતી પુરી પાડવામાં આવેલ છે કે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોય માહિતી આપી શકાય તેમ નથી. (અનુસંધાન અરજીના મુદ્દા નં.૯ પછી આપેલછે.)

મુદ્દા નં.૭ અમો અરજદાર તરફથી તા.૮–૮–૧૧ ના રોજ સદર સો. ના પ્રમુખ મંત્રીને એક પત્ર લખી સો.માં થયેલ મંજુર પ્લાન વિરૂધ્ધ ઉપરોકત હોદ્દેદારોની કાનુની જોગવાઈ ઓ મુજબ પોતાની જવાબદારી મુજબ કરવામાં આવેલ

કામગીરી સબબ માહિતી/ખુલાસો બાબતે પત્ર લખવામાં આવેલ તેની નકલ ટીડીઓ સુરત કમિશ્નરશ્રી મ.ન.પા. સુ. વિજીલન્સ અધિકારીશ્રી મ.ન.પા. સુ.ઝોનલ અધિકારીશ્રી સા.ઝોન ઉધના, મન.પા. સુ. તેમજ સુરત શહેર વિકાસ સત્તા મંડળનેઆપવામાં આવેલ હતી તેના અનુસંધાને સુડા સુ.તરફથી સા.ઝોન ઉધનાના ઝોનલ અધિકારીશ્રીને પત્ર પાઠવવામાં આવેલ છે. જેનો ક્રમાંક નં.સુડા/યુ–૧૧/વશી–૨૦૩૧/૨૯૩૪ તા.૧૯/૨૦–૯–૧૦ છે. આ મુજબ બીજા કોઈ અધિકારીઓ તરફથી ઝોનલ અધિકારી સા.ઝોન ઉધનાને પત્ર પાઠવવામાં આવેલ છે કે કેમ? જો પાઠવવામાં આવેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી. આ પત્રના અનુસંધાને સા.ઝોન ઉધનાના ઝોનલ અધિકારીશ્રી તરફથી કઈ કાર્યવાહી થયેલ છે? કે નહી? તે વિશે માહિતી આપવી. જો કઈ કાર્યવાહી થયેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી.

મુદ્દા નં. ૮ સદર સો.ના સી.ઓ.પી માં થયેલ ગેરકાયદેસર બાંધકામ જાહેર માહિતી અધિકારીશ્રી સા.ઝોન ઉધના પત્ર ક્ર માંક નં.સા.ઝોન/ટેક/૫૭૦ તા.૯–૧૧–૧૦ ની અરજી આઈ.ડી નં.૨૭૮ (૬૦૦/૧૦૦૯) ના મુદ્દા નં.૦૩ અનુસાર તારીખ ૮–૧૦–૮ ના રોજ નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ સા.ઝોન ઉધના તરફથી દૂર કરેલ છે. આ બાંધકામ વિરૂધ્ધ સદર સોસાયટીના હોદ્દેદારો તરફથી થયેલ કમ્પ્લેનની સર્ટીફાઈડ નકલ તેમજ તેના સંદર્ભે સા.ઝોન ઉધના તરફથી આપવામાં આવેલ નોટીસની સર્ટીફાઈડ નકલો આપવી. તે ઉપરાંત સોસાયટીના કોઈ સભાસદો યા સો.ના હોદેદાર તરફથી સદર સો.ના ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધ યા ગેરકાયદેસર રીતે ફીટ કરવામાં આવેલ મોબાઈલ કોમ્યુનીકેશન ટાવર વિશે પહેલા કોઈ અરજી થયેલ હોય તો તે અરજીની સર્ટીફાઈડ નકલો આપવી. તેમજ તેના ઉપર થયેલ કાર્યવાહી વિશેની માહિતી આપવી.

મુદ્દા નં.૯ સદર સોસાયટીમાં મંજુર પ્લાન થી અલગ જે પ્લોટ હોલ્ડરોએ બાંધકામ કરેલ છે તેમાંથી કોઈ પ્લોટ હોલ્ડર તરફથી સોસાયટીની એન.ઓ.સી. લઈ પ્લાન રીવાઈઝડ કરી બાંધકામ કરેલ છે? તે વિશે માહિતી આપવી તેમજ તે સદર સોસાયટીના સભાસદને સોસાયટી તરફથી પ્લાન રીવાઈઝડ કરવા તથા એલીવેશન (દર્શન) સોસાયટીના મંજુર પ્લાનથી અલગ બનાવવા માટે એન.ઓ.સી. આપેલ હોય તો તેની સર્ટીફાઈડ નકલ આપવી.

(મુદ્દા નં.૬ ના અનુસંધાને) મુદ્દા નં.૬ ના (એ) થી (ઈ) આ તમામ મુદ્દા વિશે નીચે મુજબ માહિતી આપવી.

(૧) જે માહિતી નથી તે કયારે? અને કેવી રીતે ગુમ થઈ? (૨) તે માહિતી સા.ઝોન ઉધનાના કયા અધિકારીના તાબામાં હતી? (૩) તે માહિતી ગુમ થઈ ત્યારે ઉપલા અધિકારીને રીપોર્ટ કરાયેલ હતો કે નહી? તેમજ તે અધિકારી તરફથી આ અનુસંધાને શું શું કાર્યવાહી કરી? (૪) જે તે રેકર્ડ સાચવવાના સમયગાળા અંગે નિયમ શું છે? તે વિશે માહિતી આપવી.

મુદ્દા નં.૧૦ સદર સોસાયટી રર્જીસ્ટર્ડ કો.ઓ.સો. હોય સોસાયટીનો કાયદેસર દરેક યુનીટ વાઈસ સુડા તરફથી પ્લાન મંજુર થયેલ હોય તે પ્લાન વિરૂધ્ધ બાંધકામો થાય તો તેને રોકવા માટે સદર સો.ના બીલ્ડર, કન્સલ્ટીંગ આર્કિટેકટ, સો.પ્રમુખ મંત્રી તેમજ અન્ય હોદ્દેદારોની કાયદાકીય જોગવાઈ મુજબ શું શું જવાબદારી છે? તે ઉપરાંત મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામો થયેલ હોય જે સો.ના અધિકૃત વ્યકિત ના જ પ્લોટોમાં તેમજ અન્ય પ્લોટોમાં થયેલ હોય તો ઉપરોકત તમામ વિરૂધ્ધ મ.ન.પા. સુરત તરફથી શું શું કાર્યવાહી થઈ શકે કાયદાકીય જોગવાઈઓ મુજબ માહિતી આપવી.

જે અંગે અરજદાર એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના (ઉધનાઝોન) ના પત્ર નં. સા.ઝોન / અકણ (આરટીઆઈ)/૧૧૪૪ તા. ૧૩–૧૨–૧૧થી વિગતવાર પુરી માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમા મુદ્દા નં.૩ અંગે આપવામાં આવેલ માહિતી ભ્રામક, અધુરી અને વ્યવસ્થિત નથી. તેવી રજુઆત કરેલ છે. પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણુ રજુ કરવામાં આવેલ નથી.

મુદ્દા નં. (૩) આરટીઆઈ સેલ સુરત મુગલીસરા સુરતના પત્ર આરટીઆઈ સેલ/૯૮૪ તા.૨૦–૧૦–૧૧ મા ઉલ્લેખનીય બાબતો અનુસાર (તેના અનુસંધાનમાં) (એ) માં જણાવ્યા મુજબ અરજદાર તરફથી ૨–૮–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી સા.ઝોન ઉધના ને આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા બાબત આપવામાં આવેલ અરજી સામે માત્ર ૮ માં દિવસે સ.કો.ઓ.હા.સો.લી.ના સભાસદોએ અમો અરજદારની અરજીનો વિરોધ દર્શાવતો પત્ર જા.મા.અ. સા.ઝોન ઉધનાને પાઠવવામાં આવેલ છે તેવુ દર્શાવવામાં આવેલ છે. આમ માત્ર આઠજ દિવસમાં વિરોધ દર્શાવતો પત્ર તમને મળી ગયેલ છે. તે આપના તરફથી કઈ તારીખે જાણ કરવામાં આવી અથવા જાણ નથી કરવામાં આવી તો મારા તરફથી મ.ન.પા.ને લખવામાં આવેલ પત્ર કોન્ફીડેન્શીયલ છે તો સો.ના સભાસદોને જાણ કઈ રીતે થઈ તે વિશેની માહિતી આપશો અને આ વિશે પત્રવ્યવહાર થયેલ હોય તો તેની પ્રમાણીત નકલ આપવી. અરજદારની રજુઆત આરટીઆઈ કાયદાની કલમ–૧૧ મુજબ ત્રાહિત પક્ષકારની જાહેર માહિતી અધિકારીએ કરેલ કાર્યવાહીની છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ તે અંગે અરજદારને આપેલી માહિતીના મુદ્દા નં.૪ માં આપેલી માહિતીમાં વિગતો જણાવેલ છે જેમાં પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૯૮૧ તા.૧૩–૧૦–૧૧ ના રોજ પાઠવવામાં આવેલ પત્રની વિગત પણ જણાવવામાં આવેલ છે. તથા કલમ–૧૧ હેઠળ સોસાયટીના પ્રમુખ અને મંત્રી એ તા.૩૦–૮–૧૧ ના પત્રની નકલ પણ પુરી પાડેલ છે. મુદ્દા નં.૨ તથા ૩ નો જાહેર માહિતી અધિકારીઓનો પ્રત્યુત્તર જોતાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે ૨૩–૮–૧૧ ના રોજ સોસાયટીને પત્ર લખેલ અને સોસાયટી ધ્વારા ૩૦–૮–૧૧ ના રોજ સોસાયટીનો પત્ર રજુ કરેલ તે જોતાં ૧૦–૮–૧૧ ના પત્રની રજુઆત અંગે અરજદારે સામેલ કરેલ અપીલ નં.૨૭૧ તા.૧૬–૯–૧૧ અંગે અત્રેના તા.૨૦–૧૦–૧૧ ના હુકમથી નિકાલ કરવામાં આવેલ તેમાં ઉલ્લેખ છે તેની વિગત જોતાં અરજદારના માહિતી માંગણીના મુદ્દાને સમર્થન મળે છે પરંતુ જાહેર માહિતી અધિકારી ધ્વારા તે અંગે કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી. પરંતુ પુરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી પક્ષે જણાવેલ વિગત અનુસાર અરજદાર તા.૧૦–૮–૧૧ ના વિરોધ પ્રદર્શિત કરતા પત્રની વાત કરે છે. તે સોસાયટીના પ્રમુખે જાતે જ લખેલ પત્ર છે. વધુમાં સોસાયટી તરફથી આવી જ બાબતે ઈ.નં.૭૩૧ તા.૧૪–૧૧–૧૧ તથા ઈ.નં.૯૦૨૬ તા.૧૨–૧૨–૧૧ પણ મળેલ છે. (આ ત્રણેય પત્રની નકલના પાના નંગ–૬

સામેલ છે.) આરટીઆઈ હેઠળ ઉપલબ્ધ માહિતી જ આપવાની રહે છે. સ્પષ્ટતા કરવાની રહેતી નથી. અરજદારની મુદ્દાનં.૩ સિવાય માહિતીના અન્ય મુદ્દા અંગે અપીલ તબકકે કે પુરક વિગતો –પક્ષ રજુ કરવા તબકકે રજુઆત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારની તા.૩–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૩ અંગેની નહીં પુરી પાડવામાં આવેલ માહિતી અંગે ૨–૮–૧૧ ની આરટીઆઈ હેઠળની અરજી તથા તેને આનુષંગિક કાગળો ધરાવતી લાગત ફાઈલની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશરફ એ. અન્સારી